જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૧૧/૨૦૧૮ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૬૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૩૦૧ લીટર દેશી દારૂ અને ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૧૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૬૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૧૬૮/૧૮

**વસ્ત્રાપુર** : શાંતુબહેન ભાઈલાલભાઇ પરીખ (ઉ.વ.૯૪)(રહે. શાશ્વત ફ્લેટ આમ્રપાલી ફ્લેટની સામે બોડકદેવ) એ તા ૦૪/૧૧/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૧૧/૧૮ સાંજના ૦૪/૦૦ વાગ્યાના સુમારે એક અજાણ્યો ઈસમ શાંતુબહેનના ઘરમાં આવી, શાંતુબહેન ને તેમના ઘરના સભ્યોના નામ બોલી ઓળખતા હોય તેવુ જણાવી, “તેમના સમાજના ગોકલેશ્વર શ્રી બાપા શ્રી મહંતની પધરામણી છે અને પુજા કરવાની છે અને તેમની પત્નીને દર્શન માટે બંગડી જોઈએ છે સાંજે પાછી આપી જઈશ” તેમ કહી શાંતુબહેનની સોનાની બંગડી નંગ-૨ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ઉતારી લઈ નાસી જઇ, શાંતુબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.પટેલ ચલાવે છે.

**શહેરકોટડા** : નવીનકુમાર રમણલાલ મીણા (ઉ.વ.૩૩)(રહે.અર્બન જ્વેલ્સ સોસાયટી ઓપલ ટાવર મુહાના મંડી પાસે, જયપુર, રાજસ્થાન) એ તા.૦૪/૧૧/૧૮ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી કૈલાશ પુરોહિત (જેના પુરા નામ-સરનામાંની ખબર નથી તે) નવીનકુમારને ફોન ઉપર વાતચીત કરી વિશ્વાસમાં લઈ અલગ-અલગ સાઈઝની કુલ નંગ- ૧૨૮૫ લેડીઝ કુર્તીઓ કુલ કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- મતાની મેમ્કો મહાવીર ટ્રાવેલ્સ & ટ્રાન્સપોર્ટ દ્વારા મંગાવી તે પેટે ચુકવવાના રૂપિયા નહીં આપી, નવીનકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.કલારા ચલાવે છે.

**<u>ઘરફોડ ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૬૯/૧૮</u>**

**નારણપુરા** : રાજેશભાઈ વિઠલભાઈ પટેલ (રહે.આવિષ્કાર સોસાયટી સ્વામીનારાયણ મંદિર પાસે કે.કે નગર રોડ ઘાટલોડીયા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૧૧/૧૮ રાતના ૧૧/૧૫ થી તા.૦૪/૧૧/૧૮ ના કલાક ૦૮/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા પ્રગતીનગર અંગીતા સોસાયટી દુકાન નંબર ૩૧/એ ખાતે આવેલ રાજેશભાઇની “મેડીકલ સ્ટોર્સ” ના શટરનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ અંદર પ્રવેશ કરી, મેડીકલ સ્ટોર્સ માં રાખેલ ચીજવસ્તુ અને રોકડ રકમ મળી કુલ રૂપીયા ૪૬,૦૫૪/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એચ.ચૌધરી ચલાવે છે.

**<u>પર્સ ખેંચી ઝંટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૭૦/૧૮</u>**

**એલીસબ્રીજ** : પ્રવિણભાઇ શાલીગ્રામભાઇ સોની (ઉ.વ.૪૨)(રહે.સ્વામીનારાયણ પાર્ક-૨ જી.બી.શાહ કોલેજની પાછળ વાસણા) તા.૦૩/૧૧/૧૮ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે આંબાવાડી સૌરાષ્ટ્ર સોસાયટીના ગેટ પાસે, લોહાણા વિધાર્થી ભવનની સામે, સોની શાલીગ્રામ ભીખાજી જવેલર્સ નામની પોતાની સોનીની દુકાન સામે રોડ ઉપર ઓટોરીક્ષામાં બેસવા સારૂ ઉભા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રવિણભાઇના ગળા માં લટકાવેલ પર્સ કે જેમા રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- અને સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજો મુકેલ હતા તે પર્સ ખેચી ઝંટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ..ઈ.શ્રી એ.પી.જેબલીયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૭૧/૧૮</u>**

**મેઘાણીનગરઃ** ભરતભાઇ કાંતિભાઇ મકવાણા (ઉ.વ.૩૮) (રહે.ચામુંડાનગર વિભાગ-૨ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૯/૧૮ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૧૧/૧૮ બપોરના ૨/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નવનીતકુમાર હસમુખલાલ ચલાવે છે.

**બાપુનગરઃ** નરેશભાઇ રાજારામ નીમસરકાર (ઉ.વ.૫૪) (રહે.સોનેરીયા બ્લોક બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૧/૧૮ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.કાંટેલીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.